**ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ**
**રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧**

# પશુ વીમા પોલિસી

અનુસૂચિમાં વર્ણવેલું અને વીમાદારની માલિકીનું કોઈ પશુ પોલિસીની મુદત દરમિયાન (આગ, પૂર, વીજળી, ચક્રવાત અને દુષ્કાળથી અથવા (ખ) પશુ-મહામારી, બ્લેક ક્વાર્ટર, રક્તસ્રાવ, લોહીનો બગાડ, કાલસ્ફોટ (એન્થ્રેક્સ), પગ અને મોંના રોગ (FMD), થેલારિસીસ જેવા થયેલા કે ચેપથી થયેલા રોગ અથવા (ગ) સર્જિકલ શસ્ત્રક્રિયા અથવા (ઘ) હડતાળ, હુલ્લડ, નાગરિક અશાંતિનાં જોખમથી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ ભૌગોલિક વિસ્તારની અંદર મૃત્યુ પામે, તો કંપનીને સંતોષકારક લાગે તેવી મૃત્યુની સાબિતી મેળવ્યા પછી, તે આ પશુના મૃત્યુથી વીમાદારને જે નુકસાન થયું હોય તે, પરંતુ વીમો ઉતરાવેલી રકમથી વધે નહિ તેટલું અથવા તેના મૃત્યુ વખતે જે બજાર કિંમત હોય, તેમાંથી જે ઓછું હોય તેટલું નુકસાન ભરપાઈ કરી આપશે.

પરંતુ હંમેશાં એ શરત રહેશે કે નીચેનાં કારણસર અથવા પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલા મૃત્યુને, કંપનીને લેખિતમાં સ્પષ્ટપણે કબૂલ કર્યું હોય તે સિવાય, આવરી લેશે નહિ.

૧. દ્વેષપૂર્ણ અથવા ઇચ્છાપૂર્વક ઈજા અથવા બેદરકારી, અતિભાર, બિનકુશળ માવજત અથવા કંપનીની લેખિત સંમતિ સિવાય પોલિસીમાં જણાવ્યા સિવાયના હેતુ માટે પશુનો ઉપયોગ.

૨. જોખમની શરૂઆત પહેલાં લાગેલો રોગ અને જોખમની શરૂઆતની તારીખથી ૧૫ દિવસની અંદર કોઈ રોગ.

૩. લાયકાત ધરાવતા પશુચિકિત્સા ડોક્ટરે આપેલા પ્રમાણપત્રના આધારે માનવીય વિચારણા પરથી મટી ન શકે તેવી યાતના સમાપ્ત કરવા નાશ જરૂરી હોય તે સિવાય પશુની ઈરાદાપૂર્વક કતલ.

૪. (ક) હવાઈ અને દરિયાઈ માર્ગે પરિવહન

(ખ) તબેલાના સ્થળથી જમીન દ્વારા ૨૫ કિલોમીટરથી દૂર પરિવહન

(ગ) તબેલાના સ્થળથી પગપાળા ૫૦ કિલોમીટર દૂર પરિવહન

૫. આસામના લખીમપુર અને સિબસાગર જિલ્લામાં પ્લુએરો ન્યુમોનિયા

૬. વીમો ઉતરાવેલ પશુની ચોરી અથવા છાનુછપનું વેચાણ

૭ કોઈપણ પ્રકારની કાયમી કે કામચલાઉ અંશતઃ અશક્તિ

૮ (ક) દુધાળા પશુઓ બાબતમાં કાયમી સંપૂર્ણ અશક્તતાને કારણે તેમનામાં ગર્ભ ધારણ કરવાની અથવા દૂધ આપવાની કાયમી અને સંપૂર્ણ અશક્તતા આવે છે અને (ખ) ધણખૂંટ બાબતમાં તેમની સંવર્ધનના હેતુ માટે કાયમી અને સંપૂર્ણ અશક્તિ આવે છે અને (ગ) બળદ તથા ખસી કરેલા પાડા બાબતમાં પ્રસ્તાવમાં દર્શાવેલા ઉપયોગના હેતુ માટે કાયમી અને સંપૂર્ણ અશક્તિ આવે છે.

૯. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્યુ, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રાજદ્રોહ (insurrection), લશ્કરી બળવો, તોફાન (tumult), લશ્કરી સત્તા, છીનવી લીધેલી સત્તા અથવા તેનાં કોઈ પરિણામ અથવા ડરાવવાનો પ્રયત્ન.

૧૦. આ પોલિસીથી જોગવાઈ કરાયેલ હાનિરક્ષા અથવા વળતર આયનીત કરેલ વિકિરણ અથવા કિરણોત્સર્ગના પ્રદૂષણમાંથી અથવા અણુશસ્ત્રોની સામગ્રીમાંથી ઉત્પન્ન થતી, તેમાં ફાળો આપતી કે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ અકસ્માત, નુકસાન, નાશ, હાનિ અથવા કાયદેસર જવાબદારીને લાગુ પડશે.

વળી આ પોલિસી ગમે તે રીતે ઊભાં થતાં પારિણામિક નુકસાનને આવરી લેતી નથી.

**નોંધ :** (ક) ઉપર દર્શાવેલ અપવાદનં. ૮ વધારાનું પ્રીમિયમ ચૂકવ્યે રદ કરી શકાય.

(ખ) કાયમી સંપૂર્ણ અશક્તતાના દાવા બાબતમાં, કંપનીની જવાબદારી વીમો ઉતરાવેલી રકમના ૭૦ ટકા સુધી મર્યાદિત રહેશે. ભારવાહક પશુઓ બાબતમાં ચાર મહિના કરતાં ઓછા સમયથી સગર્ભા હોય તેવાં દુધાળાં પશુ માટેની વીમો ઉતરાવેલી રકમ અથવા માંદગી અગાઉ ઉક્ત પશુની બજાર કિંમતના ૫૦ ટકા, તેમાંથી જે ઓછું હોય તે.

## શરતો

૧. અહીં આમાં દર્શાવેલ પ્રસ્તાવમાં કોઈ ખોટું અથવા અસત્ય નિવેદન હશે અથવા વીમાદાર પ્રસ્તાવ સમયે અથવા પછીથી અથવા આની નીચેના જોખમની શરૂઆત વખતે અથવા આ પોલિસીમાં ફેરફાર અથવા રિન્યુઅલના વિસ્તરણ વખતે અથવા આની નીચે વીમાદાર કોઈ દાવો કરે તે સમયે કોઈ મહત્ત્વની હકીકત અથવા સંજોગો જણાવે નહિ અથવા કે કોઈ ખોટો અને કપટી દાવો કરે અથવા કોઈ અમુક હકીકતનું અને તેની શરતોનું પાલન ન કરે, તો આ પોલિસી નિરર્થક બનશે અને આ અંગે ચૂકવેલાં બધાં પ્રીમિયમ કંપનીમાં જપ્ત કરાશે.

૨. વીમાના પ્રસ્તાવ વખતે દરેક પશુ સ્વસ્થ અને સંપૂર્ણ નીરોગી હોવું જોઈએ અને તેને કોઈ ઈજા થયેલી ન હોવી જોઈએ. કોઈ રિન્યુઅલ, વધારાના અવેજ માટે, પ્રીમિયમ અથવા તેની બાકી રકમ ચૂકવતી વખતે પણ તે સ્વસ્થ અને સંપૂર્ણ નિરોગી હોવું જોઈએ અને તેને કોઈ ઈજા થયેલી ન હોવી જોઈએ.

૩. વીમો ઉતરાવેલાં પશુઓ અને વીમાદારનું સ્થળ તપાસવા કંપનીના અધિકૃત પ્રતિનિધિઓને દરેક સમયે વીમાદાર પરવાનગી આપશે, તેમને કોઈ માહિતીની જરૂર હોય તો તે રજૂ કરશે અને તમામ યોગ્ય વિનિયમો અને કંપનીએ વખતોવખત આપેલી સૂચનાઓનું પાલન કરશે.

૪. વીમાદાર વીમો ઉતરાવેલા કોઈ પશુને કોઈ માંદગી અથવા પંગુતા અથવા અકસ્માત અથવા ઈજા અંગે કંપનીને તે બન્યાના બાર કલાકની અંદર તાત્કાલિક નોટિસ આપશે.

૫. વીમાદાર વીમો ઉતરાવેલા દરેક પશુને પૂરતો અને યોગ્ય ખોરાક, પાણી અને આશ્રય આપશે, બધાં વાડ, વાડા, શેડ અને તબેલા સુરક્ષિત રાખશે અને આ પોલિસી હેઠળ નુકસાન અથવા હાનિ અથવા નુકસાનના ભય સામે તેમની ઉત્તમ જાણકારી અને શક્તિ મુજબ દરેક યોગ્ય અને ઉચિત સાવચેતી અને સલામતી રાખશે. આ શરતોનો ઈરાદો અને અર્થ એ છે કે દરેક વીમા ઉતરાવેલ પશુની તેનો વીમો લીધો ન હતો ત્યારે જે સંભાળ અને ધ્યાન અપાતું હતું તે જ અપાય.

૬. કોઈ પશુની માંદગી અથવા અકસ્માત પ્રસંગે વીમાદાર તરત જ તેના પોતાના ખર્ચે લાયકાત ધરાવતા પશુચિકિત્સા ડોક્ટરની સેવાઓ મેળવશે અને પશુઓને યોગ્ય સારવાર અપાવશે.

૭. વીમો ઉતરાવેલા કોઈ પશુનું મૃત્યુ થતાં, વીમાદાર કંપનીની જે ઓફિસે પોલિસી ઈસ્યુ કરી હોય તે ઓફિસને તેની તાત્કાલિક નોટિસ આપશે અને આ નોટિસ મળ્યા પછી ૨૪ કલાક પૂરા થયા પહેલાં પશુનું મડદું તપાસવાની કંપનીને તક આપશે. વીમાદાર ૧૪ દિવસની અંદર કંપનીને, આવાં પશુચિકિત્સા પ્રમાણપત્રો, કંપનીને જરૂર હોય તે ઓળખ, પશુની કિંમત અને મૃત્યુ અંગે સંતોષકારક સાબિતી આપશે. 'ટેગ નહિ = દાવો નહિ'ના સિદ્ધાંતને કડકપણે અનુસરવામાં આવશે.

૮. આ પોલિસી હેઠળ દાવો કરવામાં આવે, તો અને ત્યારે તે જ પશુને આવરી લેતો ગમે તેનો બીજો કોઈ વીમો હોય, તો કંપની તેનો પ્રમાણસર ફાળો આપશે.

૯. વીમો ઉતરાવેલા પશુઓનું મૃત્યુ કોઈ વ્યક્તિની બેદરકારી, બેકાળજી અથવા ખોટા કાર્યને કારણે થયું હોય, તો વીમાદાર વળતર માટે દાવો કરશે નહિ અથવા આવી વ્યક્તિ / વ્યક્તિઓ તરફથી કોઈ વળતર સ્વીકારશે નહિ. પરંતુ આવું વળતર કંપની મેળવી શકે તે માટે કંપનીને બધી જરૂરી માહિતી અને સહાય તરત જ આપશે. વીમાદારના નામે દાવો કરી મૃત્યુ પમાડનાર વ્યક્તિઓ પાસેથી વળતર મેળવવાનો કંપનીનો અબાધિત હક રહેશે. કોઈ નાણાં અને બીજું વળતર વસૂલ કરવામાં આવે તે કંપનીનું રહેશે. આમ કરેલાં બધાં ખર્ચ સામે તેની લેખિત સંમતિથી વીમાદારને હાનિરક્ષા કરી આપશે.

૧૦. કંપની વીમાદારને તેના જાણમાં આવેલા છેલ્લા સરનામે રજિસ્ટર્ડ પત્રથી સાત દિવસની નોટિસ આપીને આ પોલિસી રદ કરી શકશે. આ બાબતમાં પોલિસી ચાલુ હોય તેટલા સમયમાં ભાગે પડતા પ્રમાણમાં પ્રીમિયમ બાદ કરીને રહેતું પ્રીમિયમ વીમાદારને પાછું મોકલશે. વીમો ચાલુ હોય તે સમય દરમિયાન કોઈ દાવો ઊભો ન થયો હોય, તો વીમાદાર પણ સાત દિવસની નોટિસ આપીને ગમે તે સમયે પોલિસી રદ કરી શકશે અને પોલિસી ચાલુ હોય તેટલા સમય માટે કંપનીના ટૂંકી મુદતના દરે ટૂંકી મુદતનું પ્રીમિયમ બાદ કરીને બાકીનું પ્રીમિયમ પાછું મેળવવા હકદાર રહેશે.

૧૧. આ પોલિસી હેઠળ ચૂકવવાના પ્રમાણ અંગે કોઈ મતભેદ ઊભા થાય (અન્યથા જવાબદારી સ્વીકૃત છે) તો આવો મતભેદ વખતોવખત સુધાર્યા પ્રમાણેના અને તે સમયે અમલમાં હોય તે ભારતીય લવાદ અધિનિયમ, ૧૯૪૦ની જોગવાઈ અનુસાર લવાદને પુછાવવામાં આવશે. પરંતુ કંપનીએ વિવાદ કર્યો હોય અને આ પોલિસી બાબતમાં અથવા તેની નીચે કોઈ જવાબદારી ન સ્વીકારતી હોય, તો મતભેદ અથવા વિવાદ આમાં જોગવાઈ કરાયેલ લવાદને પુછાવવામાં નહિ આવે તેટલું સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે. આથી, વધુમાં સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે કંપની વીમાદારને આની નીચેની કોઈ દાવાની જવાબદારી ન સ્વીકારે અને આવી અસ્વીકૃતિની તારીખથી બાર કેલેન્ડર મહિનાની અંદર કાયદાની કોર્ટમાં દાવાની વિષયવસ્તુ ન બનાવી હોય, તો આ દાવો તમામ હેતુઓ માટે છોડી દીધો હોવાનું માનવામાં આવશે અને તેની નીચે તે પછી વસૂલ કરી શકાશે નહિ.

## બેન્કમાં ગીરો અંગેનો ખંડ
## (પોલિસી નં........... સાથે જોડવાનો)

આથી એકરાર કરવામાં અને કબૂલ કરવામાં આવે છે કે –

૧. આ પોલિસી હેઠળ નાણાં ચૂકવવાપાત્ર થતાં, કંપની તે નાણાં બેંકને ચૂકવશે અને આમ ચૂકવેલ નાણાંનો કોઈ ભાગ આની નીચેના બીજા પક્ષકારોના હિતને લગતા હોય તે આવા પક્ષકારોના એજન્ટ તરીકે બેંક મેળવશે.

૨. તેથી, બેંકની પહોંચો કંપનીની સંપૂર્ણ ચુકવણી ગણાશે અને આની નીચે વીમા ઉતરાવેલા બધા પક્ષકારોને બંધનકર્તા રહેશે.

**નોંધ :** બેન્કનો અર્થ પોલિસીમાં પ્રથમ નામ હોય તે નાણાકીય સંસ્થા / બેન્ક થશે.

૩. કંપની આ પોલિસી સંબંધમાં ઊભી થતી કોઈ બાબતમાં વીમાદાર અથવા તેમાંના કોઈને નોટિસ આપે અથવા બીજો સંદેશાવ્યવહાર કરે ત્યારે ત્યારે બેન્કને આવી નોટિસ આપી હોય અથવા બીજો સંદેશાવ્યવહાર કર્યો હોય તેમ પૂરતી નોટિસ આપી હોવાનું અને સંદેશાવ્યવહાર કર્યો હોવાનું ગણાશે.

૪. આ પોલિસી સંબંધમાં ઊભા થતા કંપની અને વીમાદાર વચ્ચેના વિવાદ બાબતમાં કોઈ સમાયોજન, (adjustment), પતાવટ, સમાધાન અથવા લવાદને પુછાણ બેન્કે કર્યું હોય, તો તે આની નીચે વીમો ઉતરાવેલા બધા પક્ષકારો માટે કાયદેસર અને બંધનકર્તા રહેશે. પરંતુ આની નીચે વીમો ઉતરાવેલા બીજા પક્ષકારો પર કોઈ દાવાની પૂરેપૂરી રકમ વસૂલ કરવાના બેન્કના હકને નુકસાન પહોંચાડશે નહિ.

૫. બેન્ક અથવા તેના યોગ્ય રીતે અધિકૃત કરાયેલા એજન્ટ / એજન્ટો અથવા કર્મચારી / કર્મચારીઓએ શરતનો ભંગ કર્યો હોય તે સિવાય, આગની પોલિસીની શરત ૩ની કામગીરીના કારણે, આ વીમો બેન્કના તેમાંના હિતને લગતો છે તે પૂરતું વીમો ઉતરાવેલી કોઈ મિલકતને ટાંચમાં લેવાથી અટકાવશે નહિ અને આની નીચેના બીજા કોઈ વીમાદારના કોઈ કાર્ય અથવા કૃત્યથી આ વીમો ગેરકાયદે નહિ બને, જેનાથી જોખમ વધી જાય અને જેમાં આ પોલિસી હેઠળ વીમો ઉતરાવેલો માલ બેન્કની જાણ સિવાય રાખ્યો હોય તેવા વીમો ઉતરાવેલા કોઈ મકાન, પરંતુ હંમેશાં એ શરત રહેશે કે બેંકની જાણમાં આવે ત્યાં સુધી આ વીમાથી પરવાનગી ન અપાયેલ જોખમમાં કોઈ ફેરફાર કે વધારા અંગે બેન્ક કંપનીને જણાવશે નહિ અને માગણી કર્યે અને જોખમનો આવો વધારો પ્રથમ થયો તે સમયથી જરૂરી વધારાનું પ્રીમિયમ કંપનીને ચૂકવશે :

૬. વધુમાં કબૂલ કરવામાં આવે છે કે પોલિસી હેઠળના નુકસાન કે હાનિ સંબંધમાં કંપની જ્યારે બેન્કને કોઈ રકમ ચૂકવશે અને તે માલિકના ગીરો અંગેનો દાવો કરે ત્યારે કોઈ જવાબદારી રહેતી નથી અને કંપનીને બેન્કના બધા હક આવી કાયદેસર ચુકવણીના પ્રમાણ સુધી પ્રતિસ્થાપિત થશે, પરંતુ આની નીચે વીમો ઉતરાવેલ આવા ગીરો મૂકનાર અથવા માલિક અથવા કોઈ પક્ષકાર / પક્ષકારો પર હોય તે અથવા ઉપલભ્ય કોઈ જામીનગીરી અથવા નાણાંમાંથી કોઈ દાવાની પૂરેપૂરી રકમ વસૂલ કરવામાં હાનિ પહોંચાડશે નહિ.

**નોંધઃ** કોઈ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર, માલિક અને / અથવા પુરસ્કૃત ભારતની ઔદ્યોગિક નાણાં-ધિરાણ અને પુનઃસ્થાપન નિગમ અને તેની ગૌણ કંપની અથવા ત્યાં ઉક્ત ખંડમાં 'બેન્ક' શબ્દની જગ્યાએ આવી સંસ્થાના નામનો સમાવેશ કરવો.

**ખાસ નોંધ :** આગ અંગેની પોલિસી 'એ' અને 'બી' માટે ઉપરની શરત (૫) રદ કરવામાં આવી છે.

**નોંધઃ** કાનૂની અર્થઘટન બાબતમાં અંગ્રેજી પાઠ માન્ય ગણાશે.